ટોચ અગ્રતા,

E-MAIL

ક્રમાંક:પ્રાશિનિ/RTE/69320/૨૦૨૨/૧૦૫૯-૧૧૦૯
પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી
બ્લોક નં.૧૨/૧,ડૉ.જી.મ.ભવન,
ગુ.રા.ગાંધીનગર,તા.૦૪/૦૫/૨૦૨૨

પ્રતિ,

- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી,
  જિલ્લા શિક્ષણ સમિતિ, તમામ
- જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
  જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી, અમદાવાદ શહેર, રાજકોટ, વડોદરા, સુરત, ભાવનગર, ગાંધીનગર, જામનગર

**વિષય:-** RTE અંતર્ગત વર્ષ ૨૦૨૨-૨૩ માટે પ્રથમ રાઉન્ડમાં ફાળવેલ પ્રવેશ અન્વયે શાળા કક્ષાએ **પ્રવેશ નિયત (ADMIT) કરાવવાની કાર્યવાહી સમયમર્યાદામાં પૂર્ણ કરવા બાબત.**

**સંદર્ભ:-** **અત્રેની કચેરીનો** પત્રક્રમાંક: ક્રમાંક:પ્રાશિનિ/RTE/૨૦૨૨/68495/૯૮૮-૧૦૩૧

ઉપરોક્ત **વિષય અને** સંદર્ભ અન્વયે જણાવવાનું કે, RTE અંતર્ગત વિનામૂલ્યે પ્રવેશ વર્ષ:- ૨૦૨૨-૨૩ માટે **પ્રથમ રાઉન્ડની પ્રવેશ** ફાળવણી પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીની કચેરી,ગાંધીનગર દ્વારા તા.૨૬/૦૪/૨૦૨૨ ના **રોજ ઓનલાઈન કરવામાં** આવેલ છે. જે શાળામાં બાળકોને પ્રવેશ ફાળવવામાં આવેલ છે તેવી શાળાઓએ RTE હેઠળ પ્રવેશ મેળવેલ **વિદ્યાર્થી**ઓને શાળા દ્વારા પ્રવેશ આપવાની કાર્યવાહી તા. ૦૫/૦૫/૨૦૨૨ સુધીમાં અચૂક **પૂર્ણ કરવામાં આવે તે અંગેની** તમામ સુચનાઓ આપની કક્ષાએથી તમામ શાળાઓને આપવા સંદર્ભ દર્શિત પત્રથી **જણાવવામાં આવેલ છે. તા.** ૦૫/૦૫/૨૦૨૨ પછી પ્રવેશ માટે મુદત વધારવામાં આવશે નહી. સદર બાબતે **અત્રેની કચેરી ખાતે અરજદારો** દ્વારા મૌખિક રજુઆતો મળેલ છે કે, સબંધિત વિદ્યાર્થીઓએ પ્રવેશ મળેલ શાળામાં જઈ અસલ ડોક્યુમેન્ટ્સનું વેરીફિકેશન કરાવેલ છે. પરંતુ, શાળા દ્વારા RTE વેબપોર્ટલ પર ADMIT બટન ક્લિક કરેલ ન હોઈ સદર બાળકનું એડમિશન PENDING બતાવે છે.

આથી, **જે બાળકોને પ્રથમ રાઉન્ડમાં પ્રવેશ ફાળવવામાં આવેલ હોય અને શાળાએ જઈ પ્રવેશ મેળવવાનો બાકી હોય તેવા અરજદારોને તા. ૦૫/૦૫/૨૦૨૨ સુધીમાં પ્રવેશ મેળવી લેવા આપની કક્ષાએથી હેલ્પસેન્ટર પર ફરજ બજાવતા કર્મચારી/વેરીફાયરો દ્વારા પ્રવેશ મેળવવાનાં** બાકી હોય તેવા અરજદારોનો ટેલિફોનિક સંપર્ક કરી **પ્રવેશ મેળવવા અંગે માર્ગદર્શન/સુચના આપવા** અંગેની કાર્યવાહી કરવા જણાવવામાં આવે છે. તથા, જે તે **શાળાઓએ પ્રથમ રાઉન્ડમાં ડોક્યુમેન્ટ વેરિફાય કરીને પ્રવેશ** આપેલ હોય તેવા તમામ બાળકોનું RTE વેબપોર્ટલ **પર ADMIT બટન પર ક્લિક કરી પ્રવેશ નિયત** કરવા બે દિવસ વધારાનો સમય આપવામાં આવે છે. એટલે કે આ અંગેની કાર્યવાહી તા. **૦૭/૦૫/૨૦૨૨ સુધીમાં અચૂક** પૂર્ણ કરવા આપના તાબા હેઠળની તમામ શાળાઓને **સુચના આજે જ આપવા જણાવવામાં આવે છે. ત્યારબાદ** પ્રવેશ નિયત કરી ADMIT કરવા અંગે કોઈ મુદત વધારી **આપવામાં આવશે નહી.**

3353

(P.T.O.)

E:\RTE\RTE 2022\Circular22\Circular2022.docx

Scanned by CamScanner

ઉક્ત સમયમર્યાદામાં વિદ્યાર્થીઓએ શાળામાં પ્રવેશ મેળવેલ હોય પણ શાળાએ ADMIT બટન પર ક્લિક કરી પ્રવેશ નિયત કરવા અંગેની કાર્યવાહી નહી કરી હોય તો તે જગ્યા ખાલી છે તેમ સમજી પછીના રાઉન્ડમાં એ જ જગ્યા માટે અન્ય વિદ્યાર્થીને પ્રવેશ ફાળવી દેવામાં આવશે એટલે એક સીટ ઉપર બે પ્રવેશ થશે. આથી, આવી પરિસ્થિતિ ઉભી ન થાય તે માટે શાળાએ પૂરતી કાળજી લેવાની રહેશે. અન્યથા આ બાબતે જે તે શાળાની જવાબદારી નક્કી કરવામાં આવશે તથા શાળાની ભૂલનાં કારણે શાળામાં ફાળવાતા વધારાના પ્રવેશ અંગે શાળાને પ્રતિવર્ષ ચૂકવવામાં આવતી ફી રીએમ્બર્સમેન્ટની રકમ ચૂકવવામાં આવશે નહી. તથા આવા વિદ્યાર્થીઓને શાળા દ્વારા વિનામૂલ્યે ધોરણ-૮ સુધી અભ્યાસ કરાવવાનો રહેશે અને જે તે વિદ્યાર્થીને પ્રતિવર્ષ સરકાર તરફથી મળવાપાત્ર વિદ્યાર્થી સહાય રૂ. ૩૦૦૦/-ની રકમ પણ શાળાએ વિદ્યાર્થીને ચુકવવાની રહેશે.

ઉક્ત મુજબની સુચનાઓની જાણ આપની કક્ષાએથી આપના તાબા હેઠળ આવતી તમામ શાળાઓને કરવી તથા, સબંધિત નોડલ અધિકારી/વેરીફાયરોને તા.૦૫/૦૫/૨૦૨૨ સુધીમાં પ્રવેશ મેળવવાના બાકી હોય તેવા અરજદારોનો સંપર્ક કરી પ્રવેશ નિયત કરાવવા તથા શાળા પાસે ADMIT અંગેની જરૂરી કાર્યવાહી પૂર્ણ કરવા જણાવવામાં આવે છે.

(ડૉ. એસ. પી. ચૌધરી)
સંયુક્ત શિક્ષણ નિયામક
ગુ.રા. ગાંધીનગર

- સવિનય નકલ રવાના
  જનરલ મેનેજરશ્રી, (IT), ઈન્ડેક્સ બી, ઉદ્યોગ ભવન, ગાંધીનગર

6291
જા.નં./પ્રાથમિક/RTE/2022
જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી
A-3, જિલ્લા સેવા સદન-2
અઠવાલાઇન્સ, સુરત
તા. 5/5/2022

પ્રતિ,
આચાર્યશ્રી/સંચાલકશ્રી,
સુરત મહાનગરપાલિકા વિસ્તારની
બિનઅનુદાનિત ખાનગી પ્રાથમિક શાળાઓ તરફ
ર/- ઉક્ત પત્ર મુજબ તથા સમયમર્યાદામાં
કાર્યવાહી પૂર્ણ કરવા સારૂ.

District Education Officer
Surat. Dist. Surat.



Scanned by CamScanner